Chap-4

# પ્રકરણ – ૪

## પસંદગીની દશ ટૂંકી વાર્તાઓનો પરિવેશ સંદર્ભે સઘન અભ્યાસ

આગળના પ્રકરણમાં સર્જકો, યુગવિભાગો, પરંપરા-પ્રયોગો, પરિવેશનિરૂપણનાં વિવિધ પ્રકારો અને પ્રયુક્તિઓ, સ્થળ-કાળ, પરિવેશમાંથી નિપજતાં સામાજિક-સાંસ્કૃતિક વગેરે પરિમાણો એવી એવી બાબતોને ધ્યાનમાં રાખીને સમગ્ર ગુજરાતી ટૂંકી વાર્તાઓમાં પરિવેશ નિરૂપણના સ્વરૂપને જોયું. હવે વિવિધ પ્રકારનાં સ્થળ - કાળ - રચના સમય - નિરૂપણશૈલી – વિષય – પાત્ર - પરિસ્થિતિઓ ધરાવતી દશ વાર્તાઓ પસંદ કરીને તેમાં 'ટૂંકી વાર્તા' ઘડવામાં – સર્જવામાં નિયામકતત્ત્વ તરીકે પરિવેશનું કાર્ય તપાસવાનો ઉપક્રમ છે. આ દશ વાર્તાઓ આ પ્રમાણે છે.

'પૃથ્વી અને સ્વર્ગ' – ધૂમકેતુ, 'માને ખોળે' – સુન્દરમ્, 'તેજ, ગતિ અને ધ્વનિ' – જયંત ખત્રી, 'રાક્ષસ' – સુરેશ જોષી, 'ચિન્હ્કાંડ' – કિશોર જાદવ, 'સાત સમુદ્દુર તેરો નોદી' – મધુ રાય, 'નાથ ટેકરી' – મોહન પરમાર, 'કથા ધારિણિ અને પૂર્ણની' – શિરીષ પંચાલ, 'બોકાહો' – નાઝીર મનસૂરી અને 'ગીધાનુભૂતિ' – દશરથ પરમાર.

### 'પૃથ્વી અને સ્વર્ગ' – ધૂમકેતુ

'પૃથ્વી અને સ્વર્ગ' ,વાર્તાનું સ્થળ રમણિય અરણ્ય છે. હિમાલયની તળેટીઓ છોડીને 'સતલજ નદીના ઉતાવળાં પાણી' વિશાળ મેદાનોમાં પ્રવેશે છે ત્યાં 'ગગનચુંબી' ડુંગરોમાં લીલોતરી ચરતાં નિરંકુશ હરણાંઓ, સોનેરી – રૂપેરી વાદળીઓના પડછાયા, ચરતી ગાય – વાછરડાં, વનરાજી અને જલધિજલના તરંગ જેવા મેઘના ડુંગરો વચ્ચે ગુરુ શતપર્ણ અને ગુરુ ગૌતમનાં કુટુંબ રહે છે. વાર્તાનો સમય ન ગણી શકાય તેટલાં વર્ષો પહેલાંનો ધૂમકેતુ કલ્પે છે. વાર્તામાં બનતી ઘટના કે પ્રક્રિયાનો સમય કાલિદાસે મેઘદૂતમાં કલ્પેલા વર્ષાઋતુનો છે. એ વર્ણવતાં સર્જક નોંધે છે :

- બધાં મેદાનોમાં ઘાસ ઉપર ફૂલની જાજમ પથરાઈ ગઈ હતી. ડુંગરાઓ ધોવાઈને પશ્ચાતાપ પછી બનેલા હૃદય જેવા નિર્મળ થયા હતા. ઝાડ ઉપર નીલો રંગ પથરાયો હતો. પક્ષીઓ દોડતાં હતાં. મેઘ ઉડતા હતા. કુદરત ખીલી હતી; પ્રેમના વિકાસની જે ઋતુ કહી છે તે એ ઋતુ હતી.

આ રીતે સ્થળ-કાળના સર્જન પાછળ સર્જક સહેતુક છે. નયનરમ્ય વાતાવરણમાંથી તેઓ માત્ર અણીશુદ્ધ 'પ્રેમ'ના તત્ત્વને ઉદ્‌ઘાટિત કરવા માગે છે.

આદમ અને ઈવની કથામાં જે સજાતિય પ્રેમનું સર્જન થયું તેનાથી આગળ વધીને અહીં પ્રેમમાં ત્રીજા પાત્રનો પ્રવેશ, ઈર્ષા તત્ત્વનો જન્મ અને તેમાંથી જન્મેલી સત્તા વડે સમગ્ર માનવજાતમાં પ્રકૃતિ અને પ્રેમના તત્ત્વોથી થતો વિચ્છેદ આ વાર્તામાં પ્રકૃતિનાં તત્ત્વો વડે ગૂંથ્યો છે.

માત્ર ત્રણ પાત્રો આરણ્યક, સુમેરુ અને સુકેશી વડે જ વાર્તામાં સમગ્ર માનવજાતની દિશા અને સમયને સર્જકે વાર્તામાં નિરૂપી આપ્યાં છે.

વિવાહ, વિધવા, વિધવા વિવાહ, વિરહ, સંઘર્ષ જેવાં કોઈ તત્ત્વો ન ધરાવતો આ પ્રદેશ માત્ર પ્રણય અને પ્રકૃતિના રંગે રંગાયેલો છે. આવાં જ પ્રણયી પાત્રો આરણ્યક-સુકેશીના ઈન્દ્ર નીલમણિ સુમેરુના મનમાં ઈર્ષાનું બીજ રોપે છે. ત્યાં પણ આ સર્જક આ ઈર્ષાતત્ત્વની વિનાશકતા સિદ્ધ કરતાં નોંધે છે કે :

- પાસેનો એ ડુંગર મોટા અવાજ સાથે નીચે દડી પડ્યો ! તેના અવાજથી વન ધ્રુજ્યાં, પક્ષીઓ નાઠાં, પશુઓ દોડ્યાં અને પર્વતોએ પડઘા આપ્યા.

આ પ્રદેશમાં વસ્તુની સાટે વસ્તુની આપ-લે કોઈપણ પ્રકારના તોલ-માપ વિના ચાલતી તેના સ્થાને સુમેરુ એ 'રંગ' અને સૌંદર્ય પરથી દરેક પથ્થરની જુદી જુદી કિંમત આંકી, પરિણામે 'સુસવાટ કરતો પવન દેવદારનાં વન સોંસરવો નીકળી ગયો' લોકો આ સુવર્ણ, રજત, ઈન્દ્રનીલમણિ વગેરેને પોતપોતાની પાસેની વસ્તુઓ વડે ખરીદવા લાગ્યા. સુમેરુએ પોતાની 'સત્તા' વડે લોકોને 'દાસ' તરીકે પણ રાખ્યાં.

આ રીતે પ્રાકૃતિક તત્ત્વોમાંથી જ જન્મતી 'સત્તા' અને 'સ્વાર્થ' સર્જકે જોડી આપ્યાં છે. પરંતુ સુકેશીના હૃદય પર સત્તા ન પ્રાપ્ત કરી શકતા સુમેરુ માટે ખરા જીવનનું એક દૃશ્ય સર્જક રચે છે.

- ખીલતા કમળના રંગથી પાણી છવાયું હતું; મેદાનોમાં મયુરની કળા હતી; સારસ બેલડી ધીમી હલકતી ચાલે ફરી રહી હતી; વૃક્ષો, પશુઓને વેલીઓ બધાંના ઉપર સૌમ્ય તેજ ફેલાઈ રહ્યું હતું.

પ્રેમની આ સૃષ્ટિ ન પામી શકનાર ખિન્ન સુમેરુને છોડીને ચાલી ગયેલાં આરણ્યક અને સુકેશી પછી માર્મિક દૃશ્ય છે – આછા અંધકારનો પછેડો પૃથ્વીને વીંટવા લાગ્યો.

વાર્તામાં મૂકાયેલી કેટલીક વિચારકણીકાઓ કલાતત્ત્વને હાનિ પહોંચાડે છે જેમ કે :

- સૌંદર્ય ભાવના છે કલ્પના છે, વસ્તુ નથી. માટે અસ્પૃશ્ય અને અત્યંત પવિત્ર છે.

- મન અવિકારી હોય ત્યારે કુદરતનું ભર્યું સૌંદર્ય જીવનનો મર્મ કહી બતાવે છે.

ઉપરાંત આ કલ્પિત સૃષ્ટિમાં પાત્રો અને ભાવો ઓગળીને વાર્તા હેતુ સિદ્ધ કરે છે પરંતુ 'દસ ઈન્દ્રનીલમણિની એક સ્ત્રી' એવું જ્યારે સુમેરુ બોલે ત્યારે જ સુકેશી અને આરણ્યક ત્યાંથી પસાર થાય અને ખિન્ન થાય એ ચમત્કારનો અતિરેક છે.

આવી કેટલીક મર્યાદાઓ બાદ કરતાં ઈર્ષા અને પ્રેમની સન્નિધિ અને 'પ્રકૃતિ પર સત્તા' છતાં અસંતોષની લાગણી અને નિર્મળપ્રેમની વાત, પ્રાકૃતિક તત્ત્વોના વિનિયોગથી નિપજાવાતી આ વાર્તા પરિવેશને સુગ્રથિત રીતે પ્રયોજે છે.

### માને ખોળે – સુન્દરમ્

"માને ખોળે" ꞉માં સ્થળ ગામડું છે. ભાગોળ, સીમ, નેળિયું, નદીની ભેખડો, નદીનો જળપ્રવાહ અને બીજા ગામની સીમની પરબ છે. મુખ્ય ત્રણ પાત્રો નામ વિનાનો પતિ (નામ ન આપ્યા પાછળ નામનો જ પતિ હોવાનું પણ સૂચક લાગે) શબૂ અને તેનો સસરો રૂપા હોણ. સાસરે જતી શબૂ ભાગોળેથી નદી ઉતરે છે ત્યારે ત્યાં તેની સસરા દ્વારા હત્યા થાય છે. એ વિષયવસ્તુમાં ભાગોળ, રસ્તો અને સાસરાના ગામની શરૂઆતમાં ભાઠું અને પરબની નાની નાની વિગતો શબૂના હૃદયના ભાવોને તો દર્શાવે જ છે પણ સાથે સાથે સામાજિક પરિવેશ અને ગ્રામીણ પરિવેશને પણ ગૂંથી લે છે.

શબૂને વિદાય આપતાં પિયરિયાં, ફળિયાનાં માણસો ને સહિયરો આડી ઉતરેલી બિલાડી અને અંબામાં સારુ કરશે એવી પ્રાર્થના ગ્રામીણ સમાજની એકતા, સ્નેહાળ પ્રકૃતિ અને માન્યતાઓને રજૂ કરે છે. આ ગાંધી ચિંધ્યું ગામડું છે. અહીં દુર્ઘટનાનો સંકેત પણ સર્જક પ્રથમથી આપે છે. ગામની પછવાડે જ કોતરમાં ઊતરી પડતા રસ્તામાં નિર્જનતાનો આરંભ, ચૂંગી પીતા બાપ-દીકરામાં કશીક ગડમથલ, કોતરની ટોચેથી ઝગારા મારતાં નદીનાં પાણી – નદીનો ઝંકાર – કિનારાનો કાદવ – પગલીની તડ, સૂરજનાં અજવાળાં ઝંખતી શબૂ ને સામે ગામની લીલીઘેરી દેખાતી સીમ વગેરેમાં સાસરે જવાનો રોમાંચ અને દુ:ખ બેય વણાયાં છે.

વાડમાં કંથાર – બોરડી – અનૂરીનાં જંગલી કાંટાળાં જાળાં સંસારનાં જાળાં લાગે છે તો રતૂમડાં કંથારાં અને કાચાં અનૂરાં ઘેર પાકશે એ સંકેત તેનામાં ઉછરતા ગર્ભનો પણ છે. પરંતુ એ તોડવા જતાં 'લે હેંડ હવે' વરનો અવાજ અને કંથારનો કાંટો વાગવો એ બંધનગ્રસ્ત અવસ્થા સૂચવે છે. થોડે જ ચાલતાં 'મરકમરક હસતી ચણોઠીઓની લૂમો' સ્ત્રી સહજ વેદના ખંખેરાઈ જવાનો ભાવસંકેત મળે. તો છીપમાં મોતી ગોઠવ્યાં હોય તેમ તેમના કુદરતી પડામાં ગોઠવાયેલી ચણોઠીઓ લીધા વિના ન

જવાની હઠ પેલા પાછળ રહી ગયેલા બાળપણને સંકેતે. પરંતુ તરત જ સર્જક એના પોષાકની સભાનતામાં એને મૂકે છે

– પગમાંનાં નક્કર કલ્લાં સહેજ ખણખણ્યા, નવાનકોર ઘેરદાર ચણિયાનો તથા કોરી ચૂંદડીનો સડસડ અવાજ, ચૂંદડીનો છેડો સહજ ઠીક કરવા હાથ ઊંચો કરતાં બલૈયાં પરની કાચની બંગડીનો રણકાર, કપડાંની અતલસની કડકડી, સૂરજના તેજમાં ઝગી ઊઠેલું કપડાની બોંયનું મોંઢિયું, આંખે આંજેલી મેંશ એને વળી બાળપણમાંથી આણે જતી સ્ત્રી બનાવી દે છે. દરેક ચીજ-વસ્તુઓનો રણકાર, ફરકાટ, ચમકાર વગેરેથી પરિવેશ જીવંત બની જાય છે.

પરંતુ શબૂ ગઈ એમ કહેતી ઊડતી ધૂળ વળી અશુભ સંકેતો સાધે છે. વળી ભેખડો આવતાં ત્યાં ચારેલાં ઢોર, જાળામાંથી વીણેલાં બોર, અજવાળી રાતે રમેલું ઝાલણિયું, ઘાઘરી-કાપડી યાદ આવતાં નવાં કપડાં અને ચાંદીનાં ઘરેણાં વજનદાર લાગે છે. કુંવારી અને પત્ની બંને અવસ્થામાં ઝોલાં ખાતી શબૂનું રહસ્ય સર્જકે પરિવેશના સંકેતોથી બરાબર પકડ્યું છે. નદીનો ઠંડો પવન એનો પરસેવો સુકવીને એને પ્રસન્નતા આપે છે ત્યાં સુધી એ ભૂમિનું જોડાણ શબૂનું બરાબર છે પરંતુ 'નાક પરના કાંટાનાં છયે નંગમાં સૂરજ પોતાના પ્રતિબિંબ જોઈ રહ્યો'માં અતિરેક થયો જ છે ત્યાં કશો અર્થસંકેત સિદ્ધ ન થતાં સર્જક વર્ણનને રોકી ન શક્યાનું જણાય.

આગળ ચાલતા બાપ-દીકરાએ નદીનો કાદવ ગૂંદી નાખ્યો હોવાનો રોષ – 'મારો કાદવ બગાડી નાખ્યો'માં સસરાનું કશું સુખ ન હોવાનું અને જતા રહેલા મુક્ત બચપણનો સંકેત મળે છે. આ સાથે જ નદીના ચોખ્ખા પાણીમાં બચપણમાં ચહેરો જોતા તે આ ડહોળાયેલા પાણીમાં ન દેખાયાનો રંજ પણ જોડાય છે. ભાઠાનું ખારું પાણી, તરત દૂર રડતા બાળકનો અવાજ, ગળે ડૂમો વગેરે તેના અંત તરફની ગતિના સંકેતો મળે છે. વારંવાર પાછું જતું મન તેને ભૂતકાળમાં પરણ્યાના સમયમાં પણ લઈ જાય છે જ્યાં 'ગોઝારી રાત'માં થયેલા ગર્ભાધાનના રહસ્યને પણ સર્જકે ગૂંથી લીધું. દૂર ચાલતા બાપ-દીકરાના ઓળા ઝાંઝવામાં મળી જતા અને ધૂમાડા દેખાવામાં ભાવિ ઘટનાના સંકેતો મળે છે. તો આ તરફ ઝાડવાં, નદીનાં કોતર, નદીની રેત, નદીનાં પાણી પણ આછાંને આઘાં જતાં વેદનાનો પાશ બંધાતો જાય છે. સમય સંધ્યા ઢળી ગયાનો છે એટલે 'દૂર સાસરીયાની કાળી ઘેરી સીમ' પણ કાળાશના સંકેતો આપે છે. સ્થળ સમયની એકાકારતા કૃતિને વધુ ઉત્કૃષ્ટ બનાવે. પરંતુ 'રેતીની વાછંટો મારતો ઊનો પવન' વિગતદોષ બને છે. સાંજના સમય માટે એ અનુરૂપ નથી.

'તરસ' 'ગળામાં બાઝેલી કાંચકી' પરબની ઊંધી દિશામાં, નિર્જનતામાં તેની હત્યા કરતો સસરો એ સંદર્ભો એકબીજા સાથે ગૂંથાય છે એ દશ્ય પણ કલાત્મક છે. સસરાનું વરુ જેવું મૂંછાળું મોં,

બીડીની ગંધ અને થોડા દેખાતાં આકાશમાં આંટા મારતા એના બાપા બચ્ચાને પીંખી નખાતું જોતા ઊડતા ગીધ જેવા આ દૃશ્ય નીચે પડેલી રહેંસાતી શબૂની આંખે જોવાય છે દૂર દૂર બાળકના રડવાનો અવાજ ગર્ભાવસ્થાના બાળકનો પણ છે દૃશ્ય અતિકરુણ બને છે. સાથે સાથે શબૂના સ્પર્શ, ગંધ, શ્રવણ, નજર એ તમામ ઈન્દ્રિઓ વડે ઘૃણા, નિરાધારતા અને કાળી વેદનાનો ભાવ આ એક જ દૃશ્યમાંથી નિપજાવીને સર્જકે કૃતિત્વ સિદ્ધ કર્યું છે. અંતિમ પરબનું દૃશ્ય સસરાની નિષ્ઠુરતા અને અસ્પષ્ટ દીકરાને વ્યક્ત કરવા રચાયું છે.

વાર્તામાં આરંભે આવતી ચુંગી અંતે બીડી બની જાય છે. ક્યાંક જ આવા વિગતદોષ કે વર્ણનદોષને બાદ કરતાં વાર્તામાં તમામ વિગતો સૂચક અને વાર્તાને ગતિશીલતા આપતી મૂકાઈ છે.

**તેજ ગતિ અને ધ્વનિ-જયંત ખત્રી**

સ્થળપરિવેશની જીવંત અનુભૂતિ સર્જતી આ વાર્તા૩ પ્રસાદજી, વજેસંગ, કસ્તૂર અને નરપતના સમગ્ર જીવનને વણી લે છે. નવલકથા સર્જી શકાય એટલું મોટું કથાવસ્તુ ટૂંકી વાર્તાના લાઘવ ગુણને યથાવત રાખીને વાર્તામાં સમાવ્યું છે. પાત્રો, પરિસ્થિતિ, ક્રિયાઓ, સંવેદનો, ઘટનાઓ વગેરેના સંયોજન માટે પરિવેશના ઘટકતત્ત્વને જોડતી કડી તરીકે ખપમાં લીધો છે. પ્રસાદજીનું કસ્તૂર તરફનું અણજાણ એવું ખેંચાણ અને કસ્તૂરની અસ્મંજસભરી મનોસ્થિતિ વચ્ચે વિહરતી આખી વાર્તામાં સ્થળપરિવેશની જીવંતતા બંનેના હૃદયના ભાવોને વ્યક્ત કરે છે. અરણ્ય, નદી, તળાવ, ખેતરો, બંગલો અને ગામનાં સ્થળોમાં ભાવોને પ્રદીપ્ત કરતો સ્થળપરિવેશ નીચેની પ્રાકૃતિક સૌંદર્યની વિગતોથી સર્જાય છે.

ઊગતા સૂર્યનાં કિરણો, ઝૂલતા વૃક્ષની ડાળ, ચકલીઓનું ટોળું, સીમાડા વગરનું સૌંદર્ય, કરણનાં પીળાં ફૂલોની હરોળ, ફૂલોના વ્યવસ્થિત ક્યારા, નીલગિરિનાં ઝાડ, આકાશમાં સુસ્ત અને ધીમુ ચાલ્યા કરતાં વાદળો, અંધારી વાદળ ઘેરી રાત, ગીચ જંગલમાં ગર્જતા દીપડાઓ, પર્વતનાં શિખરો, શેરડી, ઘૂમરી લેતાં ઝાકળનાં વાદળો, ઢોળાવ પરની વનરાજિ, પવનની લહેરખીઓમાં કલ્લોલતાં પક્ષીઓ, ડેલાનું કમાડ, કંતાન, અવાક તારાઓ, શરદપૂનમની રાત, ઓઢણી, ઘોડાના ડાબલાનો આછો અવાજ, ઢોળાવના ઓળા નદીના પાણીમાં, દિલે મીઠો કંપ, વૈશાખના આકાશની તેજસ્વી રંગહીનતા, વડ, આંબલી, ભાંભરતી ભેંસ, દૂરથી આવતો શિયાળવાંનો રડવાનો અવાજ, તાજીભીની હવાનો ઊંડો શ્વાસ વગેરેમાં વણાતો ભાવપરિવેશ વાર્તાની ગતિમાં રસાળતા સિદ્ધ કરે છે.

વાર્તાને ઓપ આપતાં કેટલાંક વર્ણનો જોઈએ :

પ્રસાદજીના બંગલાની રચનાનું વર્ણન પાત્રને સર્જે છે.

- દાખલ થતાં જ મોટા ઓરડાની ઊભી છતમાંથી પાંચ મોટાં કાચનાં ઝુમ્મર, એની નીચે જૂની ઢબનું સીસમના લાકડાનું કોતરકામવાળું ફર્નીચર, એક મોટું ગોળટેબલ, સોફા, ખુરસીઓ, ખૂણામાંનાં બે કબાટ, બારીઓ આડે લાલ રેશમના પડદા, ચિનાઈ કૂંડામાંનાં નાનકડાં વિવિધ ફૂલોના છોડવા...એ મોટા ઓરડા પાછળ ત્રણ શયનખંડ, વચમાંનો ચોક અને તેની પાછળ રસોડું, ઉપરના માળ પર એવો જ મોટો ઓરડો, બીજા બે ખંડ અને બંગલાના દરવાજા સામે એક વિશાળ ઝરુખો.

કસ્તૂરના દામ્પત્યના આરંભના દિવસોનો પરિવેશ :

- એકેએક ઋતુ એક નવો ઓપ કસ્તૂરની જુવાની પર ચડાવતી ગઈ. એના ઘરની બાજુમાંથી વહેતી નદી, સામે પારના કાંઠાની ટેકરીઓના ઢોળાવ પરની વનરાજિ, ઘર આંગણામાં ઝૂલતાં મોટાં વૃક્ષો, કૂવા આગળના ફૂલ ક્યારાઓ, સવારે અને સાંજે લપડાક મારીને અડપલાં કરતી પવનની લહેરીઓમાં કલ્લોલતાં પક્ષીઓ – એ બધાંને અડી જતી, કોઈકવાર એ બધાંને પોતાની ઉન્માદભરી લાગણીઓમાં સમાવી દેતી.

કસ્તૂરની રાતની એકલતા અને અણજાણ ખેંચાણ વ્યક્ત કરતો પરિવેશ :

- નદીને પેલે કાંઠે ટેકરીના ઢોળાવ પર, રૂપેરી ઘાસને ખૂંદતો ઘોડો પસાર થઈ ગયો. એણે પેલા મોટા પથ્થર આગળ વળાંક લીધો અને ફરી ટેકરી ચડવા લાગ્યો. દૂરની વનરાજિમાં દીપડાની ગર્જના સંભળાઈ. ઘોડાના ડાબલાનો આછો અવાજ...પછી ચુપકીને અંતે બંદૂક ફૂટ્યાના અવાજ. નદીની ભેખડોમાં અને ટેકરીઓના ઢોળાવ પર એ અવાજ સંભળાયો. દીપડાની ગર્જના દૂર અને દૂર થતી સંભળાઈ...

પ્રસાદજી અને કસ્તૂરના મિલનને સર્જકે પ્રકૃતિના પરિવેશમાં મૂક્યા છે;

- એ વખતે સંધ્યાના રંગો ભેગા થતા હતા. બાજુમાં વહેતી નદી કવિતા બોલી રહી હતી, અને ટેકરીના ઢોળાવ પર પથરાતા અંધારામાં અવાજની અપ્સરાઓ રમવા ઊતરી પડી હતી.

કસ્તૂરનું તળાવમાં નગ્નસ્નાન સમગ્ર પ્રાકૃતિક તત્ત્વોમાં ભળી જાય છે;

- બધી બાજુથી ઘેરીને ઊભેલી પ્રકૃતિના અંશે અંશે એની હાજરીની નોંધ લીધી હતી. પ્રકૃતિ આશ્ચર્યમુગ્ધ બની, મોહ પામી શાન્ત અને નીરવ એને જોઈ રહી હતી...પોતાનાં તપ્ત અંગોને આલિંગન આપી રહેલાં પાણીમાં કસ્તૂર મુક્ત વિહરી રહી. ઘડીઓ ઊડવા લાગી.

વજેસંગ પ્રસાદજીને મારવા જાય છે ત્યારનું તેના ઘરનું દશ્ય કસ્તૂરની નજરે આલેખાયું છે;

- પાણીનું માટલું ઊંધું વળેલું પડ્યું હતું. ચૂલો લીંપેલો ન હતો અને માંય ખાક નહોતી. ગાદલાં – ગોદડાં ખૂણામાં ગોઠવાયેલાં પડ્યાં હતાં. એમની ઉપર ધૂળ ચડી ગઈ હતી. પણ ખીંટીએ પડી રહેતી વજેસંગની બંદૂક ત્યાં નહોતી અને ગોખલામાં એની કટારીયે નહોતી. કસ્તૂરે દીવો ઊંચો કરીને જોયું તો ત્યાં જામી પડેલી ધૂળમાં, કટારી ઊંચકનાર હાથની આંગળીઓના તાજા જ લિસોટા પડેલા દેખાયા. કેટલાય દિવસથી વાસીદુ ન કાઢેલ જમીન પર ડૂસકે ડૂસકે એ રડવા લાગી.

વાર્તાના અંતે પ્રસાદજીના મોતથી અને વજેસંગના ધુત્કાર પછી હાશકારો અનુભવતી કસ્તૂરની આસપાસ મૂકાયેલો પરિવેશ તેના ભાવોને વ્યક્ત કરે છે;

- ભીની તાજી હવાનો એક ઊંડો શ્વાસ લઈ એણે ફેફસાંમાં ભરી, અને ઉપરની મોકળાશ ગુમાઈ જતાં એણે તેજનાં રજકણો તરફ જોયાં કર્યું. કોઈક એક ખરતો તારો ક્ષણભરનું જીવન જીવીને મૃત્યુને ભેટી ગયો. પણ આકાશની નિ:સીમતામાં થયેલો એનો ઉદય, એનાં તેજ અને એની ગતિનો કસ્તૂરના હૃદયમાં શાન્ત અને સુખકારી ધ્વનિ જન્મ્યો.

આ રીતે વાર્તામાં વણાયેલી વિગતો અને વર્ણનો પાત્રોના ભાવો, સંઘર્ષો, ઘટનાઓ, ક્રિયાઓ, વાર્તાના વળાંકો વગેરેમાં સમુચિત રીતે સમાઈ જાય છે અને વાર્તામાં પ્રાણ પૂરવાનું મહત્ત્વનું કાર્ય નિભાવે છે.

**રાક્ષસ – સુરેશ જોષી**

સુરેશ જોષી આધુનિકતાને પૂરેપુરી પચાવનાર પહેલા ગુજરાતી વાર્તાકાર. એમણે પોતાની વાર્તાઓમાં મૂકેલા સંકેતો બહુ ઓછા સમજી શકયા છે. 'રાક્ષસ'[૪] વાર્તામાં માનવીય ભાવોને અને પ્રકૃતિનાં તત્ત્વોને સાંકળીને એક અલૌકિક અને કાલ્પનિક સૃષ્ટિ તેમણે સર્જી છે. જેમાં નાયિકાએ બતાવેલું અને નાયકે નર્યા વિસ્મય ભાવે નિરખેલું જગત છે એમાં પરીઓ, રાક્ષસો, ફૂલો, પ્રેત, ડાકણો, ભુવાઓ, વણઝારા, રાજાનું રજવાડું, સુગંધોનું વિશ્વ એમ અનેક પ્રકારની કાલ્પનિક સૃષ્ટિ છે. આ તમામ કલ્પનાના જગતમાં વિસ્મયના ભાવમાં પ્રગટતું પ્રાકૃતિક તત્ત્વો સાથેનું જોડાણ તદ્દન વ્યવહારુ જગતમાંથી આગવા સ્વપ્નમય જગતમાંનો વિહાર મળે છે. અંતે એ બધું બતાવનાર વાર્તાનાયિકા જુદા પડી ગયાના ક્રૂર કૃત્યના બિરૂદ રૂપે નાયકની હથેળીમાં આંગળીથી 'રાક્ષસ' લખે છે એ જ વાર્તાનો મર્મ. જાણે નાયિકાથી છૂટો પડેલો નાયક એ વિસ્મયભરી અલૌકિક સૃષ્ટિથી જ કપાઈ ગયો છે. તદ્દન વ્યવહારુ ધમસાણભરી સૃષ્ટિમાં રહેંસાઈ રહ્યો છે. આ વસ્તુને ગૂંથતી વાર્તાની વિશિષ્ટ વિગતો વડે જ વાર્તાના સમગ્ર ભાવ, વિસ્મયને આકારિત કરે છે.

વદ ચોથનો ચન્દ્ર, ઘટાદાર લીમડાનો પડછાયો, જૂઈ પરીનો શાપ, તાવીજ, ઘૂવડની આંખની ભસ્મ, વાઘની મૂંછનો વાળ, સાત આમલીના ઝુંડવાળા રાક્ષસનો દાંત, હિમ જેવા ઠંડા હાથની ચૂડ, મોઢું પહોળું કરી ટાંપીને બેઠેલી મંછી ડાકણ, ઊડપંખ સાપ, પાછળ હાંફતો પડછાયો, ડાળીઓની ભૂલભૂલામણી, ચિત્તાની સાવધાની, પતંગિયાની નાજુકાઈ વૃક્ષનાં ઝુંડેઝુંડે રાક્ષસ, ઝરણાનો કાંઠો, હસતી પરી રોતી પરી, વરસતી ચાંદની, રેશમી વસ્ત્રની સળ, ઘૂવડનો અવાજ, પાકું સીતાફળ, કાલી ડાકણના બે દાંતનું ખાતર, અંધકારના તંતુ સાથે તંતુ ગૂંથવાનો અવાજ, તાપણીના લાલ ભડકા, હાથમાં તરતનો કાપેલો મરઘો, નીચે ટપકતું લોહી, ઘૂમતી પૃથ્વીના ચરણના લય, વહી જતાં જળ, શમણાંને વાગેલી ઠોકર, રાતવાસો કરતાં પંખીની નીંદર, અરેબિયન નાઈટ્સના કોઈ જીન જેવું લાગતું ખંડિયેર, તૂટેલી ભીંતો વચ્ચે કરોળિયાનાં જાળાં, જાળાંમાં ઝિલાયેલાં ચમકતાં ટીપાં, ચાંદરણામાં ચમકતું કશુંક લીલું લીલું, શેવાળની અંદર પુરાઈ રહેલી સૃષ્ટિ, વણઝારાની હીરામોતીની પોઠ, રાણીઓની નહાવા માટેની વાવ, હીરા મોતીના ભારથી વાવમાં ડૂબી જવું, પાંદડાં પરથી સરતાં ટીપાં, મૃદંગની થાપ, ઝાંઝરનો રણકાર, કરોડરજ્જુનો ક્ષય વગેરે વિગતોથી એક અલગ વિસ્મયની સૃષ્ટિ સર્જાઈ છે.

આદિમસૃષ્ટિમાંથી ભૂતકાળમાં અને વર્તમાનમાં થતી વારંવાર ગતિથી વાર્તા શાશ્વત મૂલ્યોની ખોજ અથવા અભાવને રચતી જાય છે. આ સૃષ્ટિ બતાવતી નાયિકા પણ સાત આમલીના ઝુંડમાંથી રાક્ષસ, નાળાંમાંથી મંછી ડાકણ, જૂઈનાં ફૂલોમાંથી પરીઓની સૃષ્ટિ, વૃક્ષોનાં ઝુંડેઝુંડમાંથી રાક્ષસો, ઝૂંપડી અને તાપણીમાંથી ભોળો ભૂવો, કરોળિયાના જાળામાં બાઝેલાં ટીપાંમાંથી ભૂત અને વાવમાં લાખા વણજારાની લોકકથા-દંતકથા ઉત્પન્ન કરે છે.

આ રીતે પ્રકૃતિનાં રહસ્યમય તત્ત્વોમાંથી વિસ્મયભાવે સર્જાતી કથાઓની આખી સૃષ્ટિ વાર્તામાં સર્જીને પેલી ક્ષયથી કૃષકાય થયેલી, વિચ્છેદને રાક્ષસી કૃત્યનું નામ આપતી નાયિકા સાથેનું અચરજભર્યું સ્મરણ એ જ વાર્તાનું રોમાંચક વસ્તુ છે. પરિવેશની વિગતો સાથે જોડાયેલા રોમાંચના ભાવો ઘટકતત્ત્વો સુમેળપૂર્ણ વિનિયોગ વાર્તાની વિશેષતા છે.

### ચિન્હ્કાંડ – કિશોર જાદવ

વાર્તાની૫ નાયિકા બેલા ઝાખડ વ્યગ્રચિત્તની, શાન્ત, પુરુષોને નફરત કરનારી, મા-બાપ વિનાની, કંપનીમાં નોકરી કરતી આપખુદશાહી સ્ત્રી છે. સિપાઈના કાવતરાના કારનણે પિતાનો આપઘાત પછી લગ્નપૂર્વેની તવાયફ રહી ચૂકેલી માના મૃત્યુના પત્રથી વાર્તાનો આરંભ બેલાને ઝનૂની બનાવી દે છે. રઝળપાટ, સૈનિક સાથેનો અમાનુષી સંભોગ, અને મિલના શેઠની હત્યાની કમકમાટીભરી ઘટનાઓ એના અસ્વસ્થ મનની ઉપજ બને છે એટલે વાર્તાની ભારેખમ ઘટનાઓ

પણ ચિત્તના અસંબંધ આંદોલનોની નીપજ બને છે. એટલે જ ઘટનાઓ વાર્તામાં સંકલિત ન રહેતાં વેરણછેરણ બને છે.

૧૯૯૩માં પિતાનું જેલમાં મૃત્યુ,માતાનો નારીગૃહમાં નિવાસ અને પોતાની મિત્ર ક્રિસ્ટી સાથેનું રહેવું થી માંડીને ૨૭, મે, ૧૯૯૯ સુધીનો કથાપટ ભૂતકાળ-વર્તમાનમાં ઝોલા ખાતો ચાલે છે. માતા-પિતાનું વેર લેવા શબનમ નામની ૨૦ વર્ષની 'અનૌરસ' છોકરી બેલા ઝાખડ નામ ધરીને શેઠ ઢામાની હત્યાનું કાવતરું કરે છે. વેશ્યા માનીને સૈનિક એને ભોગવે છે. ત્યારે પરિવેશ પાસેથી સર્જકે આ અમાનુષી દશ્યને શબ્દસ્થ કરાવ્યું છે.

- દૂરની શેરીઓનાં ઊંડાણમાંથી કશો ઘરઘરાટ અવાજ ઊઠતો સંભળાયો. સ્ટેશન પર એન્જિન વરાળ ઓકતું હતું. મોટાં મોટાં પૈડાં જડતાના સકંજામાંથી મુક્ત થવા ધણધણી ઊઠતાં હતાં. રાક્ષસી આંચકા સાથે ધક્કો વાગ્યો. કારમો ચિત્કાર નાંખી પછડાટ ખાતાં, ગતિસંચાર થયો. હવે, બધા પાટાઓ ચૂરમાર થઈ, વજ્ર ભીંસમાં ચપ્પટ થતા હતા. ઉપરા તળી સિસકાર ભરતું, સ્ટેશન ગજવતું, કારી ધ્રુજારી ફેલાવતું એન્જિન ને અંતરિયાળમાં ઊઠતી ચિચિયારીઓઃ 'મા, તારાં હાડમાંસ... ' તેના મોંએથી ફૂસફૂસાટ સરી પડ્યો...

અહીં બંધ કાતરિયામાં તેની ભૂરી ઝાંય વળેલાં અંગોને ભીંસતો કચરતો બેઠી દડીનો કદાવર અને બરછટ સૈનિક તાદશ થાય છે. તો બજારમાં તેનો ચૈતસિક ભય દર્શાવતું ચિત્ર જુઓ :

- તેની આસપાસ ભૂખાળવી આંખો ભમતી હતી, ગોળ દર્પણો બનીને તેને તદ્દન નિર્વસ્ત્ર કરી નાખતી એમ તેનાં નગ્ન પ્રતિબિંબો ઝિલતી; એમ બેલાનાં એકસરખાં અસંખ્ય નગ્નરૂપોની હારમાળા સર્જાતી તેની પાછળ સર્યે જતી.

બેલાની વિટંબણાભરી રાતનું વર્ણન :

- આસવના લીધે ઊઠતી તીવ્ર ઘાણ ચારેકોર માઈલેકના અંદરમાં ફેલાતી હતી. ચીમનીઓ નિરંતર ધુંઆટી ઓકતી હતી. ખખડધજ મકાનો કાળાં પડી ગયાં હતાં. ઠેરઠેર કાલી રજોટીઓનું અસ્તર લાગી ગયું હતું. નીચે ભોંયરામાં, ખાલી બાટલીઓનો ખણખણાટ થયા કરતો હતો.

બેલાની નિઃસહાય અવસ્થા દર્શાવતું પત્ર મળ્યા પછીનું વર્ણન :

- ચોપાસથી ધસી આવેલા અંધકાર વચ્ચે એ મોડે સુધી હીબકતી રહી.

આ ઉપરાંત વાર્તામાં વણાતી વિગતો તેના વ્યગ્ર ચિત્તને વધુ સ્પષ્ટ કરે છે. સ્થળ અને તેની સાથેનાં સંબંધ-અસંબંધ તત્ત્વો બેલાની આસપાસ ગૂંથાતી ઘટનાઓને ઓપ આપે છે.

આછા અંધારાથી ઘેરાવું, અજાણ્યા અક્ષરો, ઝીણું કળતર, ચોપાસથી ધસી આવેલો અંધકાર, શરાબમાં ગળાડૂબ શખ્સોની ઠેકડી, તકમની ગંજની તવાયફ, હવાલાતના સળિયા, શબઘર, અતીતનો ઓછાયો, કાળપંજાનો મૂઢમાર, ચિત્તનું ભંડાકિયું, અંતહીન અખૂટ દિવસ, બળબળતો તાપ, બોજિલ ઉદાસી, કાળી ડિબાંગ પહાડીઓ, ઘેરાભૂરા આકાશની કોર, પુરુષની ગંધ, લેઝિમના તાલબદ્ધ રણઝણાટા, નિયોન લાઈટનું અજવાળું, સિગારેટના ધુમાડાના ગોટેગોટા, કરોળિયાના જાળાં જેવા ઝગમગતા ચકામાં, ગાઢ અંધકારના થર પર થર, બુગદામાં અસહ્ય ઉકળાટ, ઢળતી બપોરનો તાપ, છાયા તડકા, બોમ્બ વિસ્ફોટ, ઓવરબ્રિજ, શરાબઘર, ગુફ્તગો, પીણાં, ગરમાગરમ વાનગીઓ, લાલ-ભૂરી બત્તિઓની બીછાવેલી જાળ, ખાળની ચોતરફ બદબો, નગ્ન પ્રતિબિંબો, સિસકારા, વામણું અજવાળું, દુર્ગમ ઘટનાઓનો કાળપ્રવાહ, ડૂચા ગાભાના ઢગલા, શ્વાસોચ્છ્વાસની ધમણ, જીવાતની નાની મોટી ડમરીઓ, લોખંડી ઝાંપો, કાયદા કાનૂનનાં થોથાં, રિવોલ્વરમાંથી છૂટેલી ગોળી, ગલીચ અપશબ્દો, કૂતરાંની ભસાભસ, બધું અસ્તવ્યસ્ત, ફોન, છાતીમાંથી વહેતી લોહીની ધારાઓ વગેરેમાં ખૂન-બળાત્કાર-આત્મહત્યા જેવી ભારેખમ ઘટનાઓ પરિવેશ વડે જ ઓગાળી દેવાઈ છે.

બેલાની અસંબંધ ચહલપહલને સ્પષ્ટ કરવા સર્જક વચ્ચે એકવાર કથક વતી બોલતા લાગે છે જુઓ :

- નારકી અનુભવનું ખાસ લક્ષણ તે તેની અવાસ્તવિકતા – એવું લક્ષણ કે જે તેના સંત્રાસને ન્યૂન કરી નાખે, નિવારે ને એ જ રીતે તેને ઉગ્ર અને દુર્દમ્ય કરી મૂકે બેલાની યાદદાસ્ત એ બધુ, અરાજક ક્ષણોનું ખંડન કરે છે; ગૂંચવી મારે છે.

સરસ અને સતત અરાજકતા, અંધાધૂંધી અને અસ્મંજસતા વચ્ચે ચાલતા વાર્તાપ્રવાહને અહીં સર્જક જરા ખોટવી દે છે. એ સિવાય વાર્તામાં કટોકટી અને બેલાની ભાવસૃષ્ટિ ખડી કરવામાં પરિવેશની મદદથી વાર્તા સફળ પુરવાર થઈ છે.

### સત સમુદ્દુર તેરો નોદી – મધુ રાય

બંગાળી ગીત શાત સમુદ્ર તેરો નદી પારે, આમિ દેખે એલામતારે માંથી લેવાયેલ આ શીર્ષકવાળી વાર્તામાં મધુ રાય ઓફિસનો સ્થળપરિવેશ રચે છે. સ્થળપરિવેશ અને ચૈતસિક પરિવેશ સમાંતરે ચાલ્યા કરે છે. 'હું'ની નોકરીનો પહેલો દિવસ છે 'ઓફિસ સાથેની સોહગરાત્રિ' છે. ભારતીય

પરંપરામાં 'દહીં ને સાકર ખાઈને' 'કપાળ ઉપર ચાંદલો' કરીને ઉતાવળમાં 'ઘરમાં અડધું પેટ ભરીને ખાઈને' તે આવ્યો છે. કલકત્તા-પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ-ઈશાન-અગ્નિ-નૈઋત્ય-વાયવ્ય-આકાશ-પૃથ્વી દશે દિશાઓમાંથી સવારે નવથી સાત સુધી ઠલવાતા ડેલહાઉસીથી સવારે નવને પાંત્રીસે એક્સપ્રેસ બસમાં તે આવ્યો છે. સાંજે સવાપાંચ વાગ્યા સુધી ઓફિસ છૂટવાની પંદર મિનિટ બાકી છે ત્યાં સુધીનો સમય વાર્તામાં છે આ વાર્તાકાળમાં બેજ ઘટનાઓ ઓફિસમાં ઘટે છે. એક ફાઈલમાંથી કાગળ ટાઈપ થાય છે સુધારાય છે અને મિ.કોઈકને હિસ્ટીરીઆનો હુમલો થાય છે. બંને ઘટનાઓ પણ પરસ્પરાવલંબી છે. આ સમય અને ઘટનાઓ દરમિયાન 'હું'ના ચિત્તમાં એક 'પંજાબી છોકરી'ના સ્મરણો અને મુલાકાત કરવાના વિચારો ચાલ્યા કરે છે એમાં વાર્તાની ગતિ છે.

વાર્તાને ગતિશીલતા આપવા આ ચિત્તના વિચારો અને ઓફિસના સ્થળને આલેખતાં છ દશ્યો વાર્તામાં મૂકાયાં છે. દરેક દશ્યોનો અર્થ ઓફિસમાં આવતો કંટાળો વચ્ચે કશીક રોમાંચક સ્મૃતિ વાગોળવાની કે રોમાંચક ઘટનાની રાહ જોવાની માનસિકતા છતી થાય છે. એ દશ્યો જોઈએ :

- સોનાનો એક બંગલો છે અને રૂપ રૂપના અંબાર જેવી એક રાજકુમારી સૂતી છે. એની વેદના માતી નથી. એનો હીરાનો હાર તૂટી ગયો છે, એના હાર વિખેરાઈ ગયા છે અને ચીનના રેશમના કપડાં પહેર્યાં છે.
- ગટર ઉલેચતાં એમાં પડેલાં જોડાં-પૈસા-ડબલાં નીકળી આવે એમ સ્મૃતિ ઉલેચાયે જાય છે અને કાંપ - કાદવના રંગથી ખરડાયેલાં અને ચીડ-ક્રોધ-લાગણીની ગંધવાળાં સારાં-નરસાં પાત્રો નીકળી આવે છે.
- એક લેખકની ઉક્તિ યાદ આવે છે કે બારીનો કાચ તૂટી ગયો હતો અને કરોળિયાએ જાળું બાંધી એ સમારવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો હતો.
- એક સ્ત્રી પાડોશીઓ સાથે પોતાના ઘર પાસે કચરો નાખવા બદલ કે બાથરૂમમાં વધારે વખત લગાડવા બદલ કજીઓ કરવા નવેસરથી તૈયાર થતી.
- ઓફિસની શીશીમાં નીતરેલો વખત હજી સાતમા ભાગ સુધી જ ભરાયો છે.
- કાગળ એણે ત્રણ ભાષામાં લખ્યો હતો અને છ પાનામાં અને એમાં સરદારજીના ટૂચકા, અવતરણો સિનેમાઓનાં વિવેચનો, છોકરીઓનાં વર્ણનો...ઘણું બધું હતું.
- આર.આર; બીલ્ટી, બિલ, ફાઈલ, ટાઈપ, લેટર, બાબુ, ડિસ્પેચ, પ્રાઈસ મેમો, મહેરબાની કરકે, વી ગ્રેટ ટુ ડ્રો યોર એટેન્શન, રેફરેન્સ, નંબર, ડીઅર સર, મારી આજુબાજુ એક 'માયૂસ માહૌલ' વણાઈ રહ્યું છે.

- મેં સ્વપ્નલોકમાં એક રાજકન્યાને જોઈ છે, પણ એનો સાત સાત સમુદ્રો અને તેર તેર નદીઓની પાર, પેલે પાર છે.
- છત્રીપલંગ આવે છે. એ એનાં વસ્ત્રો ઊતારે છે, ઊતારે છે... ખૂટતાં ખૂટતાં જ નથી. હું જોઈ રહું છું...રાજકન્યા હસે છે...એના દાંત ચોખ્ખા દેખાય છે...કપડાં ખૂટતાં નથી. રાજકન્યા એની વીંટી મને આપે છે.
- શૂન્યતામાં ટકટક થતા ટાઈપના અવાજો, જાણે મારાં હાડકાં કાળસમુદ્રમાં ફેંકે છે અને એના ડુબવાના અવાજો જેવા લાગે છે, ખાખી કપડાંવાળા, પટ્ટો પહેરેલા યમદૂત અહીં આંટા મારે છે. મુઠ્ઠીભર આકાંક્ષાની ચિતા હજારો ફાઈલોમાં ભડકે બળે છે.
- એક અંધારા ખૂણામાં બેસતા મિ.કોઈક હવામાં બાચકાં ભરીભરીને મુઠ્ઠીઓ વાળે છે અને કદરૂપી રીતે દાંત બહાર કાઢી ફીણ કાઢે છે.

આ ઉપરાંત ઉડતું પક્ષી ચીતરેલી લિબર્ટી ફાઈલ, બગાસુ ખાવાના અવાજ સાથે બગાસું ખાતી હોય એમ ખુલતી ઓફિસ, ટાઈપના રોલર, કાગળ પર કરચલીઓ, કાનમાં સૂનકાર, મનમાં ચાલતી મૂંગી ફિલ્મ, ભિખારીના છોકરા સામે ભાવવિહિન નજરે જોવું, તૂટેલા કાચનો સંબંધ, પેટમાં સોનાનો વાડકો, પેનમાં શાહી પૂરાવવી, કીચડ જેવી ચા, બગાસાંની ટોળી પસાર, શાપિત રાજકન્યા, વીંટીવાળી વાત, લોરી પાછળ ફિર મિલેંગે, રદ્દી હિન્દીમાં ટેલિફોન પર વાત, ઘનીભૂત એનર્જી એટલે મેટર, ચીકણા બેસિન પર ટકી રહેવા મથતા વંદાની જેમ તરફડીયાં મારવાં વગેરે વિગતો વાર્તામાં ઉપહાસ, ત્રાસ અને છૂટવા મથતી વૃત્તિઓને નિરૂપે છે. આ તમામ વિગતો ક્રિયા સાથે જોડાતાં વાર્તામાં જીવંત બને છે. કલ્પનો પણ ક્રિયામાં ભળીને ગદ્યની સુદૃઢ ઈમારત બાંધી આપે છે ત્યારે સર્જનાત્મકતા સિદ્ધ થાય છે.

ઓફિસમાં સરતા સમયને આલેખવા પ્રયોજેલા શબ્દો જુઓ :

- વખત જાણે ધીમે ધીમે ઊતરે છે અને ડહોળાયેલા પાણીમાં જેમ કચરો ઊતરે તેમ, ધીરે ધીરે મારી પાછળની ભીંતને સામેની ભીંતને બંને બાજુથી કોઈ સ્ક્રૂ ડ્રાઈવરથી શનૈઃ શનૈઃ એકબીજાની સામે ધકેલે છે. ટેબલ ઉપર આખું બધું બહુ ગંભીર ઠાવકુ લાગે છે અને મશ્કરીના એક ભાત તરીકે જાણે હું ઠાવકું મોં...મારી સામે એક રસ્તા વગરનું, બસ વગરનું, જમીન વગરનું, માણસ વગરનું, પ્રાણી વગરનું શહેર દેખાય છે.

દશ્યોની હારમાળામાંથી સર્જાતી આ વાર્તાઓમાંથી જન્મતું 'યંત્રવત્ જીવન' વાર્તાનાં સ્થળ-કાળમાં ભળી જતી પરિવેશની વિગતો વાર્તાને બાંધે છે.

## કથા ધારિણી અને પૂર્ણની – શિરીષ પંચાલ

'કથા ધારિણી અને પૂર્ણની'ળ્માં શિરીષ પંચાલ પ્રકૃતિના નિયમો ઉપર સત્તા જમાવવા મથતા મનુષ્યના કરુણાંતના વિષયવસ્તુને આલેખવા પૌરાણિક પરિવેશ પ્રયોજે છે. ધૂમકેતુ ' પૃથ્વી અને સ્વર્ગ'માં પણ કુદરત પરની સત્તાની વાત મૂકે છે. પરંતુ ત્યાં પ્રેમના અંતનું પરિણામ છે. જ્યારે અહીં અનુઆધુનિક વાર્તાકાર દલિત, પ્રાણીરક્ષા અને પર્યાવરણ સુરક્ષાના ત્રણ મુદ્દાઓને વિષયવસ્તુમાં ગૂંથી લે છે. વર્તમાન સમયના આ ત્રણ મહત્ત્વના પ્રશ્નો વાર્તાને આ યુગની વાર્તા બનાવે છે. યંત્રયુગમાં પૌરાણિક પરિવેશ, ચમત્કારો, ઋષિપરંપરા અને રાજવી વાતાવરણ સર્જવું એમાં વર્તમાન સમયનું જોડાણ સાધવું એ કાર્ય સર્જકે કથા સંકલનની કળાથી પાર પાડ્યું છે.

સંજીવની વિદ્યાની પ્રાપ્તિ અને પ્રયોગની આસપાસ રચાતો કથાપટ પૌરાણિક વિગતોથી સભર છે. જે કથાવસ્તુ અને ઉદ્દેશને મૂકવામાં સરળતા અપાવે છે.

ત્રણ લોકની સંપત્તિ ઉપર રાજ, દાનવોના ગુરુ શુક્રાચાર્ય, સૌથી મોટી સંજીવની વિદ્યા, વિદ્યાભ્યાસ, સંધ્યાકાળ, આશ્રમ, રાખ મદ્યમાં ઓગાળી શુક્રાચાર્યને પીવડાવવી, મંત્ર, ગુરુનું ઉદર ફાડીને બહાર આવવું, પુરાણીની કથા, વિદ્યાનાં સ્વપ્ન, સંસારભરની સમૃદ્ધિ તૃણવત્, સર્વાંગસુંદર કન્યા, શંકરપાર્વતિ, ચોસઠ કળામાં નિપુણ ધારિણી, મંજુલ સ્વર, વાગ્દાન, બાર જ્યોતિર્લિંગની આસપાસ બ્રાહ્મણ, નાની મોટી નદીઓને કાંઠે તીર્થ ભ્રમણ, ક્ષુધા, તરસ, અપૂજ શિવમંદિર, હિડિંબ વનમાં રહેતા કાશ્યપ ઋષિ, વેદઋચાઓ વડે યજ્ઞો, પર્ણકુટી, શાસ્ત્રજ્ઞાન, કૃષ્ણપક્ષ, શુક્લપક્ષ, ગૃહત્યાગ, નવનિધિ, અષ્ટસિદ્ધિ, અણિમાગરિમા લઘુલાઘવી, સ્વર્ગ જાણે હસ્તાકમલવત્, કુપાત્રે દાન, વિદ્યાનું વિસર્જન, ઉત્તરાધિકારી, સ્નાનવિધિ, સૂર્યને અર્ધ્ય, વેદની ઋચાઓ, મૃત્યુમંત્ર, નગર, ઘરમાં ઉત્સવ ઉત્સવ, વિશ્વભરનાં સુખ-ઐશ્વર્ય, નવવધૂનાં વસ્ત્રાલંકારો, શયનખંડમાં પ્રગટાવેલા દીવાઓ, માલતી અને જુઈનાં પુષ્પોની સુવાસ, મુખ પર ચન્દ્રોદયની આભા, સાહિણીનો આલાપ, કેસર-ચંદનથી સુગંધિત શયનખંડ, સુવર્ણજડિત પિંજરામાં શુકસારિકા, વીણા પર ઝંકૃત થઈ ગયેલી રાગિણી, ઉદ્યાનવિહાર, ભયાનક વિષધારી સર્પ, લોહી પરુ દૂઝતા રક્તપિત્તનો શિકાર બનેલો ભિક્ષુક, સેનાધ્યક્ષ, વિધિવત્ મંત્રોચ્ચાર, રણકતું હાસ્ય, લુપ્ત જીવનજ્યોતિ, બ્રહ્માની સર્જનાત્મકતા અને કાળભૈરવની સંહારકતા, પ્રાણીઓ, ગંધર્વો, કિન્નરો, નેત્રોન્માદ, ભિક્ષામાં સો સુવર્ણમુદ્રાઓ, કીર્તિગાથા, પ્રહેલિકા, મનમાં છૂપું શલ્ય ભોંકાવું, અક્ષપાદ ઋષિના વિકલાંગ શિષ્યો, વનસ્પતિ સૃષ્ટિ, નાનકડો ઉદ્યાન, પ્રાંગણ, ઉષ્માહીન ધારિણી, પ્રાતઃકાળે

જીર્ણ જ્વર, ત્રિકાળજ્ઞાન, સર્જન-સંહાર, હરણનાં બચ્ચાં, કળશ, બાજઠ, અંજલિ વગેરેથી સર્જાતો પરિવેશ પૌરાણિક છે.

આ વિગતોની વિશેષતાઓ વાર્તાને સળંગ ગતિમાં વહેતી રાખે છે.

- વિગતો સંપૂર્ણ પૌરાણિક છે.
- વિગતોના નિરૂપણની ભાષા તત્સમ છે.
- ક્રિયાપદો પણ તત્સમ છે તેમ જ વાતાવરણને જીવંત બનાવે છે.
- સ્થળ સાથે ચોક્કસ રીતે વિગતો જોડાયેલી છે.
- બદલાતાં દશ્યો, સ્થળો, ગૂંથાતી વિગતો એકબીજા સાથે સક્રિય રીતે સંકળાય છે.

આ રીતે પરિવેશની ગૂંથણી કરેલી છે. કેટલાંક પૌરાણિક કથાવસ્તુને અનુરૂપ વર્ણનો વાર્તાને રસાળ બનાવે છે તે જોઈએ :

- ધારિણી ચોસઠ કળાઓમાં નિપુણ તો હતી જ, એક વેળા મંજુલ સ્વર સાંભળી લે તો બધી રાગરાગિણીઓની વિસ્મૃતિ થઈ જાય, એક જ વેળા કોઈ એના મુખને જોઈ લે તો પછી પાર્વતી મુખના સાવ જ ઝાંખા પ્રતિબિંબરૂપ ચન્દ્રની કે અરવિંદની અવહેલના કરતો થાય. એ જ્યારે પૂજા કરવા નીકળતી ત્યારે ગવાક્ષોમાં યુવાનો ઊભા રહેતા.
- બીજે દિવસે બંને આશ્રમ પાસેની વહેતી રેવાને કાંઠે ગયા. ત્યાં પહોંચ્યા ત્યારે હજુ આકાશ પૂરેપૂરું ઊઘડ્યું ન હતું. શિલાઓ વચ્ચે થઈને નદી વહેતી હોઈ ક્યાંક ક્યાંક ક્ષિપ્રગતિને કારણે તેનો કલનાદ દૂર દૂર સુધી સંભળાય એવો હતો.
- શયનંખડમાં પ્રગટાવેલા દીવાઓ ચારે દિશાઓમાં આછું તેજ પ્રગટાવે એ રીતે સજાવેલા હતા. માલતી અને જૂઈનાં પુષ્પોની સુવાસ શયનકક્ષની સીમાઓને વટાવીને બહાર પ્રસરી રહી હતી. કૃષ્ણપક્ષની બીજ-ત્રીજે આકાશમાં થતા ચન્દ્રોદયની આભા તેના મુખ પર પથરાયેલી હતી. બાજુના ખંડમાં વાદનનિપુણ એક કન્યા વીણા પર સાહિણીનો આલાપ વગાડતી હતી. તે સ્ફૂટ અસ્ફૂટ સ્વરો હૃદયના તારને રણઝણાવતા હતા.

આ રીતે સર્જાતા સ્થળપરિવેશમાં પાત્ર, ઘટના અને વસ્તુનું આરોપણ વાર્તા સર્જે છે. રક્તપિત્તથી પીડાતો ભિક્ષુક, બચ્ચાંવાળી હરણી, વિકલાંગ વિદ્યાર્થી અને બિલિવૃક્ષને સંજીવનીના વિદ્યાપ્રયોગ માટે મૃત્યુ આપવાની વાત અનુક્રમે ક્ષુદ્ર (દલિત), પ્રાણી, અપંગતા અને પર્યાવરણના પ્રશ્નો સાથે જોડાય છે જે વર્તમાન સમયના પ્રશ્નો છે.

આશ્રમમાં 'નાનકડો ઉદ્યાન' એવો શબ્દ પ્રયોગ આધુનિક નગર સાથે જોડાય છે અને પૌરાણિક પરિવેશમાં ક્ષતિ પહોંચાડે છે. ' આપવી જ હોય તો એ વિદ્યા આપો' એવો સંવાદ પણ આ પરિવેશને

અનુરૂપ નથી. આવી એક બે ક્ષતિને બાદ કરતાં વાર્તામાં પોરાણિક પરિવેશ વડે વર્તમાન જીવનના મહત્ત્વના પ્રશ્નો ગૂંથતી આ વાર્તા બને છે.

**નાથ ટેકરી – મોહન પરમાર**

વાર્તા રહસ્યમય છે. દેવરાજની પત્ની રાણીની શોધની ગતિએ રહસ્યો ઊઘડતાં નથી પણ સર્જાતા જાય છે. ફળિયું, ઘર, નાથટેકરીનું રહસ્યમય સ્થળ, નદી, નદીના કાંઠા – ઓવારા, ઝૂંપડી, વાવ વગેરે સ્થળોમાં અટવાતો નાયક રાણીને શોધે છે. નિર્જન – અવાવરુ – ભયંકર સ્થળ અને તેમાં સર્જાતી અલૌકિક ઘટનાઓ ધીરે ધીરે નાયકની અંદર રહેલા ભયના ભાવને ઉદ્દઘાટિત કરતાં જાય છે. પ્રકૃતિનાં રહસ્યમય રૂપોની પ્રતિતી કરતો નાયક માનસિક રીતે અસંબંદ્ધ થઈ ક્રિયાઓમાં જોડાય છે. એ વાર્તાનું હાર્દ. ક્રિયામાં જોડાતો પરિવેશ એના ભાવોને ઘડતા જાય છે વ્યક્ત કરતા જાય છે.

આખી વાર્તામાં જે પરિવેશ મૂકાયો છે તે જાણે એક વિકરાળ – અમાનુષી પાત્ર બનીને સામે આવે છે. મુખ્ય પાત્ર અને પરિવેશની અંધાધૂંધીમાં વાર્તા ગતિ કરે છે.

સૂનો વેરાન વગડો અને સામે ખેતરોમાં લહેરાતો પાક અને વનરાજીના વિરોધાભાસ વચ્ચેનું અંતરિયાળ ગામડું. પત્ની ભાગી ગઈ છે ક્યાંક એટલે એનો ક્રોધ આ રીતે વ્યક્ત થાય છે :

- ઓસરીમાં દોટમ્દોટ કરીને બધું વેરણછેરણ કરી મેલ્યું. ઓસરીમાં પડેલા બેત્રણ ખાટલા એની નજરે પડ્યા. ખિસ્સામાંથી ચપ્પુ કાઢીને ખાટલાનાં વાણ કાપી નાખ્યાં. પછી ખાટલીની ઇસો અને ઉપરાં લીમડાના થડ સાથે ઠોકી ઠોકીને ભાગી નાખ્યાં...ઓસરીમાં કશી વસ્તુ હાથવગી ન જણાતાં એણે બંધ બારણાને લાત મારીને ભોંય ભેગું કર્યું પછી ઘરમાં જઈને વાસણકુસણને પાણિયારાના પથરાપર ઠોકીને કુબડાં કરી મેલ્યાં. ઈંટોના રોડાં વડે ઘરનાં નળિયાં પર કાગાવાસ કર્યું...હડફડ હડફડ દોડીને ખુણામાં પડેલી કુહાડી હાથમાં લીધી ઓસરી આખી કાણીકચ કરી મેલી...દીવાલ પર કુહાડીનો છુટો ઘા કર્યો. કુહાડી દીવાલમાં થોડીવાર ખૂપી અને પછી ધફ દઈને ભોંય પર પડી.

ક્રિયા સાથે વણાતા આ પરિવેશનાં તત્ત્વો એની માનસિકતા તો છતી કરે જ છે પણ ખાટલો ભાગવામાં દામ્પત્યજીવનના અંતનો ભાસ અને ઘર વેરવિખેર કરવામાં ઘરનો ભંગ પણ તાદશ થાય છે પરિણામે આગળની શોધ વધુ તીવ્ર બને છે.

આણી નદી બાજુ, ટેકરી બાજુ ગઈ છે જાણ્યું ત્યાંથી ભયનો સંચાર શરૂ થાય છે. 'કૂતરાનું રડવું' ભયને સઘન બનાવે છે. 'રાની પશુ'નો ડર ટેકરીમાં હતો. નદી ઓળંગી ત્યાં કોઈ ગયું નહોતું. તેની સાથે જોડાયેલી લોક વાયકાઓ 'રહસ્ય' અને 'ભય'ને વધુ સઘન બનાવે છે.

સુન્દરમ્‌ની માને ખોળે જેવું જ દશ્ય અહીં રચાય છે

- રેતાળપટ વળોટીને ધીમે ધીમે વહી જતા પાણીમાં એણે પગ મૂક્યો. નદીનો સામો કિનારો હવે આંખો સામે સ્પષ્ટ થતો જતો હતો.

બંનેમાં આ સ્થળે અસ્મંજસના ભાવ છે. ગતિ છે છતાં પગ પાછા પડે છે. અહીં ભેંકારતા વધી રહી છે તે દશ્ય :

- નદીના કિનારે માઈલોના માઈલો સુધી આછાંપાતળાં વૃક્ષોની હારમાળા ફેલાઈને પડી હતી. ક્યાંય પણ માણસનો સંચાર વરતાતો નહોતો.

નિર્જન સ્થળની ઝૂંપડી વાર્તાના રહસ્યને વધુ ઘૂંટે છે :

- ઝૂંપડીની આજુબાજુનું વાતાવરણ સ્વચ્છ હતું. કોઈ હમણાં જ સાફસૂફ કરીને ગયું હોય તેવું લાગતું હતું. ઝૂંપડી હતી તો ભાંગેલતૂટેલ પણ આગળ છાણથી લીંપીને સરસ મજાનો ઓટલો બનાવવામાં આવ્યો હતો.
- આકાશમાં ટમટમતા તારા, અડીખમ ઊભેલાં વૃક્ષો, નદીનો કિનારો, નાનીમોટી ટેકરીઓ, ખીણો, લહેરાતો પવન બધું હતું.
- જાળીબારું જાણે એના પગમાં બાઝી ગયું.
- ઝૂંપડીની બહાર કોઈ હરફર કરી રહ્યુ હોય તેમ તેને લાગ્યું.
- એક ઘૂવડ બોલી ઊઠ્યું.
- ચન્દ્રમાં દેખાતા વિચિત્ર આકારો જોઈને એને ચન્દ્રની બીક લાગી.
- દૂર દૂર સફેદ રંગના પંખીઓ આકાશમાં ઉડતા હતા.

ઝૂંપડીનું આ વાતાવરણ એ જેમ જેમ અનુભવે છે તેમ તેમ ભય વધે છે બીજું સ્થળ 'જળકુંડો'નું છે એનું વર્ણન જુઓ :

- સૂર્યનું પ્રથમ કિરણ જળકુંડોમાં પડ્યું ને એ ચમકી ગયો. જળકુંડોની આજુબાજુ કોઈ પગલાંની છાપ ઊલટસુલટ અંકાયેલી હતી.
- જળકુંડનું જળ એકમેકમાં ભળી જતું જણાયું. જાણે લાલ લાલ લોહી જેવું જળ જળકુંડોમાં ચમકી રહ્યું હતું. રાણીના ચૂંથાયેલાં દેહમાંથી લોહીની ધારા વછૂટીને પ્રવાહીરૂપે જળકુંડોમાં ભરાઈ રહી હતી. રાણીના લોહીનો પ્રવાહ ધસમસતા પૂર જેવો છે. તેમાં ભાઈ-ભાભી નહાઈ રહ્યાં છે.

આ દશ્ય તેના મનમાં પ્રગટતાં શંકા-કુશંકા, ભય અને સંઘર્ષનાં પ્રતિબિંબ બને છે.

ફરીવાર આવતી ઝૂંપડીમાં રાનીપશુ આળોટે છે એની ભયંકર મ્હોંફાળ, ભાગવું, ચામાચિડિયાંની ઊડાઊડ, કબૂતરોનું મૌન ટોળું, દેહ પર લપેટાતાં કરોળિયાનાં જાળાં, દૂરથી પશુની ચિચિયારી, દેહ પર લપેટાતાં કબૂતરો એના મનને રૂપાંતરિત કરી નાખે ભયમાંથી જન્મતું પોતાનું સ્વરૂપ. એ છળી ઊઠે છે. અનુભવાતું જગત જુઓ :

- ખડખડાટ હાસ્યનાં મોજાં તેના પરથી પસાર થયાં.
- રંગીન પંખીનું ઘાડું ઊડતું ઊડતું આ તરફ આવતું હતું.
- ખંડેર કાળું ધબ્બ.
- પશુની ત્રાડ
- પાંપણની ધાર પર લટકેલાં રાણીનાં પગલાંનો હાહાકાર હૃદયમાં.
- નાથટેકરી એના પર ઝળૂંબી રહી.

આ રીતે પરિવેશનાં તત્ત્વો એના સ્વરૂપાંતરને વ્યક્ત કરે છે. આખરે એ 'મોં મચકોડે' છે એ ક્રિયા એના વર્તનની વિચિત્રતા વ્યક્ત કરે છે.

આમ, પત્ની રાણીની શોધ નિમિત્તે તેનામાં પ્રગટતો ભય ધીરે ધીરે વિકૃત બનીને તેના માનવ તરીકેના વર્તનને પરિવર્તિત કરી નાખે છે એ આખી ચૈતસિક અવસ્થા સ્થળનાં વિવિધ રહસ્યમય રૂપોને નિમિત્ત બનાવીને સર્જકે કળાકુશળતાથી પ્રગટાવી આપ્યાં છે.

### બોકાહો – નાઝીર મનસૂરી

નાઝીર મનસૂરી દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાનો માછીમાર સમાજ લઈ આવે છે. ત્યારે ત્યાંની પ્રાદેશિકતા વાર્તામાં જડમૂળથી ચોપાસથી વણાય છે. એટલું જ નહીં સમાજ અને સામાજિક વિશેષતાઓ આવે છે નારી અને દલિતના પ્રશ્નો આવે છે. માનવનાં 'આદિમ' રૂપોમાંથી કાળ કે ભૌગોલિક સીમામાં ન બંધાય એવી સાર્વત્રિક વૃત્તિઓનું આલેખન પણ મળે છે જેમ કે સ્ત્રીઓના સજાતિય સંબંધોનું આલેખન. આ ઉપરાંત સ્વપ્ન, ફેન્ટસી, પ્રતીક, કલ્પનો, દશ્યાત્મકતા, પીઠઝબકાર જેવી પ્રયુક્તિઓના પ્રયોગો પણ વાર્તાઓમાં થયા છે. બોકાહો વાર્તાના કેન્દ્રમાં 'પાની' છે. પતિનું મૃત્યુ અને દિયરવટું. છતાંય બાળકની ભૂખથી રઝળતી ભૂવા-ડાકણા-મંત્ર-તંત્ર-બધા વિધિવિધાનો કરાવતી પાનીની આસપાસ આખો પ્રદેશ મૂર્તિમંત થાય છે. દરિયો, કાંઠો, ભાઠ, ઘરરચના, રિવાજો, ખેતીવાડી, પશુપંખીનું પાલન, ખોરાક, પોષાક બધું આ પ્રમાણે વાર્તામાં વણાતું જાય છે અને પાનીનું જીવનવિશ્વ ખૂલતું જાય છે.

અષાઢના અંધારિયામાં વરસાદનો ગોરંભો, ભાઠનું તળ, ગડગડિયા પાણીની કોઠડી, વિફરેલો દરિયો, ભાઠમાં પછડાતાં મેલાઘેલાં મોજાંનો ભખામ્ભખ...ભૂઉપ...છળાંગ...જેવો ઘોર રાતદિવસ ગાજતો, ખારીઝેર વાછંટથી કાળી પડી ગયેલી થોરિયાની વાડ, તોતિંગ સરગવો, સુસવાતો વાવડો, દસબાર વિઘાના ખેતરમાં શાકબકાલું, રેંટિયો કૂવો, ઢોલિયાની પાંગતે બાંધેલાં પલિતાં, ગોરીઝાણ, કાળોડિબાંગ ગોરંભો, ગાજવીજનો ઘોર નાદ, ખારાશના સુસવાટા, વરસાદ ત્રાટકવાની વેતરણમાં, મોટો તોતિંગ કાળો કૂકડો, તાડિયાથી ભરચક ઢીંહો, બીડી પર બીડી ફૂંક્યે જવી, પાંબીડાં, રોઢાટાણું, કાળી થેલી, ચાંદીનાં ખોબલા મઢેલો ડંગોરો, તંગી, પથ્થર, બીડીબાક્સ, ગોરંભાતો ડર, ફાનસની વાટ, ભડકિયો દીવો, ભીંતડાંનું પાણી ગળે, બસરા – ઈરાન –મોઝામ્બિક - મેંગ્લોર - કાલિકટ - કોચીન વચ્ચે આંટાફેરા, જેઠ મહિનાનો અંતગાળો, અષાઢનાં અંધારિયાં, કૂવાથંભ તૂટવો, અનરાધાર વરસાદ, કાળઝાળ મોજાંની થપાટો, કાળા બોકાહા, છરાતનના ઘોર ભણકારા, કૂકડાનું બોલવા ટાણું, ભૂત, ભાઠનાં કોતરોમાં માછલાંએ કોચી નાખેલું રાતુંચોળ મડદું, તાંબાના કાંસિયામાં કરચલાં – પાંબીડાનું રસાદાર શાક, અંધારાનો મેલો વેશ પહેરીને ઊતરી આવેલી રાત, ચૂડેલ – ડાકણ જેવા બોકાહા, ગાંઠાળા દોરડાના ફટકા, ભાતભાતનાં લૂગડાં – અખરોટ - ખજૂર અને કાજુના ગુણિયા, જાળથી ગૂંથેલી રૂપાળી બરણી, ઘોર અંધાર પડળ, દીવાદાંડીના રાક્ષસી શેરડા, વીજનો બોકાહા જેવો ગડગડાટ ને ઝબકારા, મોભીયા ગળે, વાછંટિયા, ધુમાડાથી કાળા પડેલા મોતી, નેવાંનો ખળખળ નાદ એકધારો, જોરદાર વાવડામાં બારણાં અથડાવાં, દૂરથી કાળી ચીસ વહી આવી, વાડામાં થોરિયાની વાડની ઝાંપલી, અમાસ – અગિયારસ બંધનો દહાડો, ભાઠમાં પછડાતાં મોજાં જેવી ધખના, ઉચ્ચક જીવ, કૂકડાની કાળી આંતયડીની ચીસ, કૂકડાની કળેળાટી, ગુબળા બાઝેલી ધમીલ, પાલવાની આથેલી કલેજી, ડરીયાપીરનો ખોળો, બારણાનો આગળો, રાંધણિયામાં ગળતું પાણી, ભડકિયા દીવા, લોઢાની તપાવેલી સાંકળ, વિફરેલા દરિયાનાં મોજાં – ધ્રુમ્ ધુમ...ભફાંગ ભખ્, રેતાળ ભાગ, રાવણતાડિયા, તાડના મૂળમાં લોઢાનો જાડો ખીલો, હેલી, ઝરખમીંદડો, ભાઠનાં ભોણમાં પાશવી માજાંની પછડાટ, કાળી મેઘલી રાતના બોકાહા અનરાધાર વગેરેમાંથી જન્મતો ભયાવહ પરિવેશ વાર્તાનું કાઠું બાંધી છે.

જીવો વહાણવટામાં માર્યો ગયો છે. દિયર વિસરામ સાથે પરણી છે. બાળક ન થવાથી દોરાધાગા સાસુ કરાવે છે અને પાની મૌન છે. આ આખી પરિસ્થિતિમાં વિધિવિધાનોનો પરિવેશ વાર્તામાં ભેંકારતાને વધું ગાઢ બનાવે છે જુઓ :

ડાકણાનાં પલિતાં, ઢોલિયાની પાંગતે પલિતાં, અવારનવાર ભૂત, છરાતન, ડેગણડાકણો, કાળી થેલી, ચાંદીનાં ખોબલા – મઢેલો ડંગોરો, ઝરખ જેવી આંખો, આખો કાળો વેશ, પાંબીડાની ખોલીને તંગી, પથ્થર, કૂકડાનો ભોગ, ભૂતરાદાદાની માનતાનો રાખેલો કાળો ડોકા - કાપલો મરઘો, નાળિયેર, ચૂડેલ – ડાકણ, ધૂલરામાં કોક ધૂણે, કાળીચીસો, ભૂવાના હાકલા – પડકારા, મરચાંની ભૂકીની તીખીવાસ, લોબાન બભકે, ગાંઠાળા દોરડાના ફટકા, દૈત્ય જેવાં મોજાં, ધૂલરામાં ધૂણે ડરિયાપીર વગેરેથી વિધિવિધાનો અને લોઢાની સાંકળ તપાવીને મારવી જેવી માન્યતાઓ જંતરમંતરનું વિશ્વ રચાય છે.

તો કાંટી, બાંગડા, તુરા, ચાકસી, ખાગી-ખાગા, ધમીર, આંદણ, ઢીમર, ગોજીખાણી, સરીંગ વગેરે માછલીઓનાં નામ છે શેકેલી કલેજી, બાજરીના રોટલા, ડેબાળા ને પંખાળા કરચલાનું શાક વગેરે ખોરાક છે.

ઝેરપયરાવ, ફાટીપયરાનો, સિન્નાળ, નીસ, ભરવો, ભેનશોદ, હાહુનાવ, ઝાંખરામૂયકાનો, ગૂડાણો, ખાંભી મંડાણાની વગેરે ગાળો વાર્તામાં જીવનના બોલીમાં વણાયેલા અવિનાભાવિતત્ત્વ તરીકે આવી છે. પ્રાદેશિક શિષ્ટ – અશિષ્ટના ખ્યાલો અહીં જુદા છે.

વાર્તાની ભેંકારતા એનો સમય ધોધમાર ચોમાસાનો અને અષાઢની કાળી રાતનો પસંદ કર્યો હોવાથી વધુ સઘન બની છે.

- ચોમાસાના ટાણાને લીધે આખરના જુવાળ પછીનો દરિયો વિફરી બેઠો હતો. ભાઠમાં પછડાતાં મેલાંઘેલાં મોજાંનો ભખામ...ભખ...ભુઉપ...છબાંગ જેવો ઘોર રાતદિવસ ગાજતો.
- કાળમુખી ભેખડોમાં પાશવી બળથી મોજાં અથડાઈને વેરવિખેર થઈ જતાં હતાં. ભાઠના પોલાણમાં ડેબાળા કરચલા જેમ ચાર પગે શેવાળ બાઝેલી ભાઠે ચોંટી ગયો. પીઠ પર થોડી થોડી વારે રાક્ષસી મોજાંની પછડાટ આવતી. અચાનક ભેખડ પરથી છટકીને પાશવી મોજાં સાથે ફંગોળાયો...મરણચીસ જેવા કાળા બોકાહા પાડવા માંડ્યા.
- મેઘલી રાતોમાં આખરના જુવાળ જેવાં બેય હેલે ચડતાં. ધોધમાર વરસાદમાં ઘર આખું પલળે તેમ પલળતાં ને ઘર આખું ચૂવે તેમ...હરખથી ગળતાં..!

ભયંકર વાતાવરણમાં પાનીની અંદરનો ફફડાટ વર્તાય છે તો ભૂતકાળનાં સ્મરણો પણ સર્જકે પરિવેશ વડે જ વ્યક્ત કર્યાં છે.

પાનીનો 'ભારે ખાલીપો' વાર્તાના અંતે 'આખરના જુવાળ જેવો મનનો ખળભળાટ' બની જાય છે ત્યાં લગીની ગતિમાં અવાજો, જીવંત વાતાવરણ, ક્રિયાઓ વડે સર્જક વાર્તાની 'ભયાનકતા' જાળવી રાખે છે. 'મોત'નો ભય વાર્તામાં સતત ઝળૂંબેલો છે.

## ગીધાનુભૂતિ – દશરથ પરમાર

વાર્તા૧૦માં કોઈ નગર, ગામડું કે કોઈ એક જ્ઞાતિ – સમાજની વાત નથી પરંતુ સમાજવ્યવસ્થારૂપી 'ગીધ' જેને કોચી રહ્યો છે, ઠોલી રહ્યો છે એવા દલિત, પિડીત, શોષિત, માનવની વાત છે. ગીધનું 'પ્રતીક' અને 'હું'ની પીડા વાર્તામાં સાદ્યંત અનુભવાય છે. આ અનુભૂતિનું સર્જન 'પ્રક્રિયા'માંથી થયું છે વાર્તાનાં સ્થળો ફળિયું, ગામ, મંદિર, તળાવ, નગર વગેરે છે. એટલે વાર્તા સાર્વત્રિક બને છે. દરેક સ્થળ સંદર્ભોમાંથી 'હું' પ્રત્યે તિરસ્કાર અને 'હું'ની નિરાધાર અવસ્થા વાર્તામાં કરુણતાની ધાર કાઢતા થાય છે. વાર્તાની પ્રક્રિયામાં વણાતો પરિવેશ જોઈએ જે વાર્તામાં પીડાનુભૂતિ પ્રગટાવે છે.

- ગીધ છાતી પર એની વિશાળ પાંખો પ્રસારી બેઠું છે...એની લાંબી અણિયાળી ચાંચ જમણી આંખમાં ખૂંપેલી છે...પાંસળીઓ વચ્ચેના ભાગમાં એણે એના પગ - પંજા એવી રીતે ખૂપાવેલા છે કે કેમેય કરીને ઊખડે જ નહીં...બમણા બળથી એણે ચાંચ આંખમાં ખોસી...ઘટક કરતું લોહી પીવા માંડ્યું.

આખી પ્રક્રિયા શોષણ અને ઘાવની પીડાને સઘન બનાવે છે.

- ઢોયણીય ચઈડ-ચૂં કરી ઊઠી...બધા ગીધથી ગભરાઈને વાસ છોડી ગયા...મુઠ્ઠીઓ વાળી ઊભા વાસમાં દોડ્યો...વાસ આખો તડકામાં ધૂમરીઓ લેતો હતો. ઝાંપે રમતા છોકરાં મારી ફૂટેલી આંખ ભાળી હસવા લાગ્યા...ગામલોક કાવાચારીઓ કરવા લાગ્યું. ફટોફટ ભિડાવા માંડ્યા બારી – બારણાં. કાગડો માથા પર ચરકી ગયો...પાછળ છે ઢગલાબંધ ગીધ...હાળો મંદિરમાં પેઠો, મારો નાગો કરીને મારો, કાપી નાખો...જીવતો તે જીવતો સળગાવી દો...અત્યારે નહી સવારમાં દરવાજો ખૂલે પછી પ્રવેશજે નગરમાં...એઈ નળ તારા માટે નથી મૂક્યા ? જા, પીવું હોય તો પેલી ગટરમાં ઘણુંય છે ત્યાં જા...કોણ છે લ્યાં ? એણે લારીમાંથી દંડો ઊઠાવ્યો...ખાલી ખોટી ગંદકી વધારો છો સમાજમાં...ઘર્મપરિવર્તન, તુ હિન્દુ નહી હૈ...યે ગીધ તુજે કભી નહીં છોડેગા વગેરેમાંથી નિરાધારપણું સ્પષ્ટ થાય છે.

ફળિયામાં આધાર ન મળવો, મંદિરમાંથી મારીને ભગાડવો, ગરોળી પણ એનું લોહી ચૂસવા આવે, કોઈ ધર્મપરિવર્તનની રોટલી શેકે, તો કોઈ ગીધનો ત્રાસ અવિરત હોવાનું કહે, પોલિસ પણ સાથ ન આપે આ પ્રકારની અનંત પીડાઓની અનુભૂતિ સર્જાઈ છે.

નફરતની આગ અને તેની પીડા, નિરાધારપણું આ વર્ણનોમાં દર્શાવાયું છે ગદ્ય પણ બળકટ છે :

- ડોસલા હોકલીઓની નેં મોઢામાં ઘાલીને આ લીમડા હેઠ ટળ્યા હોય છે. ને અત્યારે ક્યાં ગયા?
- લોચાને સાચવીને પાછો આંખના ખાડામાં પધરાવી દીધો. હાથ લાલચોળ થઈ ગયા. લૂગડાંય લોહીથી લથરપથર
- પાછળ ફરીને જોયું તો પેલું ગીધ ! આ વખતે તો એકલું નથી. એની પાછળ છે ઢગલાબંધ ગીધ...!
- મોટા પથ્થર પર ચીપકેલી ગરોળી લાલચુ નજરે જીભ લપકાવતી શિકારની રાહમાં હતી. લોહી ભાળીને લપકી આ તરફ...
- તળાવમાં અંધારું હિલ્લોળા લઈ રહ્યું છે. કાળા ભમ્મર આભલામાં ટમટમતા તારા જાણે માના સાડલામાં અસંખ્ય કાળાં !
- ગીધોની ચીસોથી નગરની શાન્તિમાં તિરાડ પડી ગઈ.
- રોડ પર ગીધ, આકાશમાં ગીધ, નદીમાં ગીધ, દરિયામાં ગીધ, ગીધ પાનના ગલ્લે, ગીધ ચાની લારીએ, ગીધ હોટલના બાંકડે, ગીધ હોસ્પિટલના ખાટલે, સ્કૂલમાં ગીધ, કૉલેજમાં ગીધ, રેલ્વેમાં ગીધ, બસની બારીએ ગીધ, રેશનની દુકાને ગીધ, પાણીના સ્ટેન્ડ પર ગીધ, ગીધ રીક્ષામા; ગીધ સાઈકલમાં, ગીધ...ગીધ...ગીધ...!

આ રીતે સર્વત્ર વિનાશ સાંપડ્યા પછી સર્વત્ર ગીધ હોવાની અનુભૂતિ તેને થાય છે તિરસ્કૃત માણસનો વિદ્રોહ પણ વાર્તામાં મૂકાયો છે.

- ઉત્તર દિશામાંથી એક ટોળું આવ્યું...બધાંય ધારિયાં...પાઈપો...એસિડના બલ્બ...નાગી તલવારો...હોકી સ્ટીક્સ...ચપ્પા...અસ્ત્રાથી સજ્જ...હું પડ્યો...ઊભો થયો...પડ્યો ને પૂરી તાકાતથી ધારિયું વીંઝતો ઊભો થયો...લાલઘૂમ ખારાશવાળું લોહી...શરીર પર જામેલા મારા લોહીમાં ભળવા લાગ્યું.

આવા વિદ્રોહ પછીની ઊંઘ અને પાએક કલાકમાં જ વળી છાતી પર ચડી બેઠેલું ગીધ શોષણ અને પીડાની પ્રક્રિયા સતત હોવાની અનુભૂતિ કરાવે છે. ધર્મ, અનામત આંદોલનો, સમાજ, સુધરેલી

નગરવ્યવસ્થા, નવા ધર્મો, હથિયારો વગેરેના સંદર્ભો વાર્તામાં ગૂંથાયા છે પણ એ કોઈ પણ તેને બચાવી શકતું નથી આખરે વાર્તામાં બચે છે 'ગીધાનુભૂતિ'ની 'પીડાનુભૂતિ'.

## સંદર્ભસૂચિ :


૧. તણખા મંડળ ભાગ-૧ (૧૯૨૯) ધૂમકેતુ
૨. જયંત ખત્રીની ટૂંકી વાર્તાઓ (૨૦૦૧) જયંત ખત્રી
૩. હીરાંકણી અને બીજી વાતો (૧૯૩૮) સુન્દરમ્
૪. ગૃહપ્રવેશ (૧૯૫૬) સુરેશ જોષી
૫. કિશોર જાદવની વાર્તાઓ (૨૦૦૯) સં.જયેશ ભોગાયતા
૬. બાંશી નામની એક છોકરી (૧૯૬૪) મધુ રાય
૭. અંચળો (૨૦૦૮) મોહન પરમાર
૮. આયનો (૨૦૦૪) શિરીષ પંચાલ
૯. ઢાલકાચબો (૨૦૦૨) નાઝીર મનસુરી
૧૦. દલિત વાર્તાસૃષ્ટિ (૨૦૦૫) સં.મોહન પરમાર